ફોનોગ્રાફ ગાયનસંગ્રહ

ભા—૧ થી ૫

કીં. ૧૨ આના


જગપ્રખ્યાત ચુંટી કાઢેલા ગાયનોનો

—: અમુલ્ય ખજાનો :—

સંગીત ફોનોગ્રાફ



ગાયન સંગ્રહ.



ભાગ ૧ થી ૫ સાથે.

છપાવી પ્રસિદ્ધ કર્તા,

બુકસેલર માણીલાલ ભાઈશંકર વ્યાસ.

ઠે. બેગમપુરાની આમલીશેરી, સ્ટેશનરોડ—સુરત.

સુધારા વધારા સાથેની આવૃત્તિ બીજી.

કીમત દશ આના.

D. M. SHAH.

છાપનારનું નામઃ-નાથુભાઇ દેવચંદ.
છાપવાનું ઠેકાણું:-દેશી મિત્ર પ્રેસ લીમડાચોક, સુરત.

છપાવનારનું નામ:-મણીલાલ ભાઈશંકર વ્યાસ.
છપાવી પ્રસિદ્ધ કરવાનું ઠેકાણું:-બેગમપુરાની આમલીશેરી,
સ્ટેશનરોડ, સુરત.

ચેતવણી

હમારી આ બુકની,

વધી પડેલી ખ્યાતી જોઇ કેટલાક ઇર્ષાળુ વ્યાપારી ભાઇઓ એ-નામને મળતાંજ નામની બુક છપાવી વચે છે. પણ ગ્રાહકો તે લઇ પસ્તાય છે, કારણ કે, અમારી બુક માંહેના ગાયનોની ચુંટણી, છાપ, ગોઠવણી, સુંદરતા વિગેરે જેટલી ઉત્તમ પ્રકારની છે. તેની હરીફાઇ તેઓથી થઇ શકતી નથી. એટલે તેઓ માત્ર કમાવવાને ખાતર વેઠીયાવાડ જેવું કચરાપટ્ટી સાધુ કામ તૈયાર કરી આ નામને મળતીજ બુક છપાવી મારી ગ્રહાકોને છેતરે છે; જેથી હમારા કદરદાન ગ્રહાક બંધુને ચેતવણી આપવાની જરૂર છે કે-આવી બુક ખરીદતાં પહેલાં બુકનું આખું નામ, પાનાની અને ગાયનની સંખ્યા, અને પ્રસિદ્ધ કર્તાનું આખું નામ, બરાબર વાંચીનેજ ખરીદવી જેથી પાછળથી પસ્તાવાનું ન રહે.

પ્રસિદ્ધ કર્ત્તા.

સંગીત ફોનોગ્રાફ ગાયન સંગ્રહ.

—ભાગ ૧ થી ૫ સાથે.—



(૧) વીર કુણાલ. —રાગ,—ગઝલ—

અમારા દેશને છોડી, અમે થાનાર પરદેશી;
હૃદયને મેળવી લેશે, અમારો પ્યાર પરદેશી.
થયા દુર્ભાગીયાં એવા, તજાવી દેશની સેવા;
ભટકશું પારકા ઘરમાં, બની લાચાર પરદેશી.
અમારી ધર્મ નીતિથી, અમારી સત્ય રીતિથી;
અમે સત્કર્મથી થઈશું, હૃદયનાં હાર પરદેશી.
અમારા દેશ બંધુઓ, અમારી જન્મ ભુમીમાં;
હવે છેલ્લા પ્રણામો છે, અમે હદપાર પરદેશી !

(૨) વીર કેશરી. —રાગ—ગઝલ—કવ્વાલી—

થવાનું ના થવાનું કહે; નજુમી કોણ એવો છે;
ન જાણ્યું જાનકી નાથે; સવારે શું થવાનું છે ?
હતી શલ્યા રૂપે "અહલ્યા"; જગતમાં વાત જાહેર છે;
ન જાણ્યું જ્ઞાની ગૌતમે; સવારે શું થવાનું છે ?
હતા કૌરવ અને પાંડવ; જગતમાં મહાબળી યોદ્ધા;
ન જાણ્યું ભીષ્મ જેવાએ; સવારે શું થવાનું છે ?

રમ્યા જુગટું સહુ સાથે; વિભુતી સૌ ગયા હારી;
ન જાણ્યું ધર્મ જેવાએ; સવારે શું થવાનું છે ?

(૩) બલીરાજા. —:૦:—

મારો સજની, તું ક્યાં રમી આવી રજની, સાચું બોલ, બોલ, બોલ,
શાણી સૈયર, તું શીદને આળ ચડાવે, કેડો છોડ, છોડ, છોડ ?
હમણાં માળા ગુંથી હતીને, હમણાં કેમ કરમાણી,
પરસેવો તને ક્યાં વળ્યો, તારી ભમ્મર ક્યાં ભીંજાણી.–સાચું.
કાળો ભમરો શીરપર બેઠો, ઉડાડતાં ગભરાણી,
લાંપાટે લટ છુટી ગઈ–મારી ભમ્મર ત્યાં ભીંજાણી.–કેડો.
કસ્તુરી તારા અંગે મ્હેકે, કુસુમ કળીના હારો,
નયન રહ્યાં છે નાચી નવેલી, મળીયો કોણ ઠગારો–સાચું.
ચંદ્ર સરોવર નહાવા ગઈતી, વાટે મળ્યો એક માળી,
છાબ ભરીને ગજરા આપ્યા, હું તો તમથી હારી.–કેડો.

(૪) બલીરાજા. —:૦:—

વશ કીધો તેં વીર મારો, જ ગુણીયલ ને બહુ સારો,
નથી વાંક જરા કાંઈ મારો, નણદલ તમ વીર ઠગારો:
રંગ મહેલમાં હતી એકલી, આવી અડપલું કરી ગયા.
ચુંબન કરી, ભરી અંક મીલાવી, મોહન મનડું હરી ગયા–નથી.
વસંત જોબન પુલવાડીમાં, ભુલો પડી ગયો ભમરો,
લાલચ આપી તેં લલચાવ્યો, બંધુ ડાહ્યો ડમરો–વશ.
શરમાળે મને શાન કરીને, કંચુકીની કસ છોડી,
હૃદય ધરાપર થન થન નાચ્યા, લાજ શરમ સૌ તોડી–નથી.
–વદન ચન્દ્ર છબી રતી લજાવે, ભ્રકુટી કામણગારી,
બંધુ મારો સરળ હૃદયનો કળા અજબ છે તારી–વશ.

(૫) ભરથરી. —પીંગળા અને ભરથરીનો સંવાદ—

ધીક સુવા ધીક મુજને ધીક કામ વિકારજી;
જેણુરે ભુલાવી મને સત્યથી, કર્યા નીચ વિચારજી.
—ભેખરે ઉતારો રાજા ભરથરી.

ક્ષમા કરોરે રાજા રંક હું, નારી અજ્ઞાની જાતજી;
અન્ય વખત એવું નહીં કરૂ, લાજ્યા માતને તાતજી.—ભેખરે.
કપટ રૂપીરે રાણી પીંગળા, એશુ બોલે વચનજી;
રાજરે તજ્યુ તુજ કારણે, જો વિચારીને મનજી;
—ભિક્ષા દેને મૈયા પીંગલા.

તુંરે ખોટી ને ખોટું રાજ છે, ખોટો સારો સંસારજી;
અલખ જગાવું વન એકલો, જેથી પામુ ઉદ્ધારજી.—ભિક્ષા.
રહોતો રાજા રસોઇ કરૂં, જમતા જાઓ સ્વામીનાથજી;
ક્ષીરરે નીપજાવુ ક્ષણ એકમાં, જમીએ આપણુ સાથજી—ભેખરે.
મઠીરે કરાવું રંગ મહેલમાં, રાખુ ગુપ્ત અવાસજી;
જેમરે જાણે નહિ જગતમાં, માધો જોગ રહી પાસજી—ભેખરે.
મહેલરે તારાને રાણી શુ કરૂં, કેવો ગુપ્ત અવાસજી;
ક્ષીરરે ભોજન તારૂ રાણી શુ કરૂં, નથી ભોગની આશજી—ભિક્ષા.
વાસી જંગલના જોગી અમે, નહી ગ્રામમાં વાસજી;
વિષની વેલીથી અળગો રહુ, નહિ નારીનો પાસજી.—ભિક્ષા.
ભગવા જોઇ રાજા ભરથરી, દાવાનળ દીલ થાયજી;
માઇ કહો ન મારા કંથજી, લાગે દેહમાં લાયજી—ભેખરે.
વધુરે શું વદું રાણી પીંગળા, કરૂં અરે કેટલો ઉચ્ચારજી;
બંધુ જોવોરે બંધુ તજ્યો, માર્યો વચનનો મારજી,
—હવેરે રાજને રાણી શું કરૂં

વાંકીરે વિધાતા મને ભુલવી, લખીયા લેખ લલાટજી,
આનું રે પ્રાયશ્ચિત હવે શું કરૂં, મારગ આપો પૃથ્વીમાતજી-ભેખરે.
ત્રણશો નારીરે અન્ય આપની, માળવપતિ મહારાજજી;
એકને કારણ એને નવ તજો, પાપી પીંગળાને કાજજી-ભેખરે.
મોહ છોડી દે રાણી પીંગળા, પ્રીત કર સતસંગજી;
સગુરે નથી કોઈ કોઇનું, આ સંસાર પતંગજી-ભિક્ષા.
દેતી હું તો ભીક્ષા દે મુને, નહિ તો કરૂં ગૃહ ત્યાગજી;
ગુરૂજી મારારે રોશે થશે, ચાલી જાય જમાતજી.-ભિક્ષા.

(૬) ભરથરી. —:o:—

પિતાજી આ કોપ તમે શો કર્યો, જોગી વેષ બાપુ. શીદને ધર્યો,
મરી ગઈ છે માત, વળી જાઓ તાત:
પિતા ઓથ કોની છે, ઓરમાન માત,
ન આપી કરી બાપુ જાશો નહીં;
પિતા પાછળ નહીં જીવુ હુ તો અહીં.

(૭) ભરથરી. —રાગ, લાવણી ભજન—

દેખા નહીં કછુ સાર જગતમે, દેખા નહીં કછુ સાર,
મોહ ભીસે મત લપટો યારો, દેખા નહીં કછુ સાર.—જગત૦
ચૌદ ચોકડી રાજ સીલે પન, ત્રભુાકા નહીં પાર.
ભોગ ભોગતે ઇંદ્ર અપ્સરા, તૃપ્તી નહિ લગાર (૨)—જગત૦
જુઠા રંગ રૂપમેં ભૂલી, ક્રીડા કરત ગમાર;
રૂપ વીર્ય બલ નાશ હુવા તબ, નહીં હે અપની નાર (૨)—જગત૦
પ્યારી મેરી જાની પીંગલા, હુબ રેહા એક તાર;
તોભી કીયા કૃતઘ્ની રાની, અશ્વપાલકું યાર (૨)—જગત૦

અલ્પ બખતકા યેહી તમાશા, દુઃખ હે અપરંપાર,
બેશક ઇસકા ત્યાગ કરો તુમ, ફેર પસ્તાના યાર (૨)—જગત૦
એહી ભરથરી નાર ભરુસે, ભુલી 'હુવા ખુવાર;
એહી ભેખસે જગત શીખ દઉં, નવ ડુબો સંસાર,
નવ ડુબો સંસાર–જગતમેં, દેખા નહીં કછુ સાર.—જગત૦

(૮) ભરથરી. —રાગ–મરશીયા—

હાય, કેમ આ સહેશે ઉજેની રંડાપો, ઘણી થઇછે રાજાજી માફ રાખો,
બાણુ લક્ષ માળવાના છો સ્વામી, કામ કોડીલા રૂપે ન ખામી,
ગાર અંગે ભભુત શી જામીરે,—હાય, કેમ૦
એક બાજુ કૃષ્ણા તમારી રૂએ, ચંદ્રકળા ચોધારા નીર ચુએ,
બાપુ સુખે ન આજ કોઇ સુએરે—હાય૦
મેહેલ મેહેલે વિલાપ છાયો છે, પવન શોકનો સઘળે વાયો છે;
કળકળતાં બાઇઓ ને ભાઇઓ છેરે—હાય૦
ખાંધે લટકી શી ભગવી ઝોળી, આવ્યા વસ્ત્ર કયાં ગેરૂ ઝબોળી;
હાય હઇડામા પ્રગટાવી હોળીરે—હાય૦
નથી વિક્રમ ભાઇની કંઇ આશા, કીધાં કરમે એવારે તમાશા;
એણુ બીજાં જંગલ કયાંઇ વાસ્યાંરે—હાય૦
ધણી નોધારાં અમને કરોમાં, આઃતુ અણધાર્યુ પગલું ભરોમાં,
જોગી જીવતાં ચિત્તામાં ધરોમાંરે—હાય૦

(૯) દલપત ભજન. —રાગ–ભજન—

મોહન તારી મોરલીરે, વૃજનારને વેરણ થઇ! (૨) હે....હરી.
કોમળ સુરે કાળજુ કોર્યું, ચીતડું ચોર્યું વેરણ થઇ—મોહન.

કામ તો હવે કાંઇ ન સુજે (૨) સાંભળતા શત્રુ થઇ—(૨)
માતા પીતા તણી લાજુ તજીને, વૃંદાવનમાં ગઈ—મોહન.
વૃજનારને વેરણ થઇ, મોહન તારી મોરલી—તારી મોરલી-(૨)
આવા આવા કારમાં કામણુ (૨) શામળા સીધા થઇએ—મોહન.
દુઃખડા કેરા, ડુંગર ડોળ્યા, મા બાપડી લ્યો પઇએ—મોહન
"દલપત" શ્રીહરના દેવને મળવા (૨) ગોપીઓ ગોકુળ ગઇ—મોહન

(૧૦) મહાશ્વેતા કાદમ્બરી. —:૦:—

થઈ પ્રેમવશ પાતળીયા, મારા મનના માલીક મળીયારે....થઇ (૨)
પ્રીતે કરો સુખવાસ, સજનવા રાજ હૃદયના વાસી
પ્રેમદા પ્રીત જ્યોત પ્રકાશી. મારા મનના મનોરથ ફળીયારે....થઇ.
ભાગ્યવંત કર્યો ભગવનિ મુજને, જીવન સફળ થયું મારૂં
કરો શ્રીહરિ શુભ તમારૂં, મારા મનના માલીક મળીયારે....થઇ.

(૧૧) મહાશ્વેતા કાદમ્બરી. —:૦:—

માલીકના બાળક સો, માલીક સાના શ્રી જગનાથ (૨)
કર્તા હર્તા સૃષ્ટિના આ બાજી એને હાથ—
રૂણાનુબંધે આવી મળતું, બાવ્યું નવ કોઇનાથી ખળતું,
જગત માત્ર તેને આધીન છે, અનાથના જે નાથ,
નહિ પીંડ આ પોતા તણો, પોતાનું કંઇ ના જાણવું,
સૌએ શુભાશુભ કર્મને પોતા તણુંજ પ્રમાણવું—જગત.

(૧૨) મહાશ્વેતા કાદમ્બરી. —:૦:—

મંજરીએ મનડું મોહ્યું રે, મન ગમતા મહારાજ,
મારા મનગમતા મહારાજ; એ શું દીલડું આમ પ્રોયુંરે મનગમતા.
"શું આ પુષ્પ તમને બહુ ગમે છે?"

સાખી { "મનને તો ગમતું ઘણું, મુખથી કેમ મંગાય,
"વીણ પ્રીછયે વીણ પારખ્યે, ઘટે માન મુનિરાય"

સાખી { "માગ્યે માન ઘટે નહિ, જેવું જ્યાં દાતાર"
"સુખે સ્વીકારો પુષ્પ આ, ધરો કર્ણ મોઝાર."

અતિ ઉદાર દીલ તમ જોયુંરે..........મનગમતા.

(૧૩) માલતી-માધવ. —:૦:—

નાનકડી નાજુક નાર, બહુ નાનકડી, બહુ નાનકડી,
મારા લાલાની હું લાડકડી (૨) હું લાડકડી (૩)
આંખ નાગે મટકે પટકું હું લાલને-
નાની શું સમજે વ્હાલાના વ્હાલને (હું તો બધું એ સમજું છું)
જાણી ભોળો ભરથાર, તું બહુ માથે ચડી (૩) નાનકડી.

(૧૪) મહાશ્વેતા કાદમ્બરી, —:૦:—

શું કહું કથની મ્હારી રાજ, શું કહું કથની મ્હારી,
હું તો દૈવના પાસે હારી રાજ.......................શું કહું.
પરખી પારીજાતિક મેં, અર્પણ કીધું મન મ્હારૂં.
પતી તજી પરલોક સિધાવ્યા, કરી જીવતર મમ ખારૂં રાજ—શું કહું
ચંદન કાષ્ટની ચિતા રચાવી, પતિ સહગમનની આશે,
શુન્ય દેહ મમ સ્વામી તણો પણ, ઉડી ગયો આકાશે રાજ—શું કહું
અરપ્યું મેં સર્વસ સ્વામીને, પ્રેમની કફની ધારી;
તજી જગત જંજાળ સર્વ હું, પ્રીતે ભજું ત્રીપુરારી—રાજ—શું કહું

(૧૫) ભરથરી. —રાગ આશાગોડી—

કામ છે દુષ્ટ વિકારી અહા પ્રભુ ! કામ છે દુષ્ટ વિકારી;
ઈંદ્ર સમાન પતિ અતિ સુંદર, અશ્વપાલથી હે યારી અહા પ્રભુ—કા.

ત્રણસોનેસાઠ ત્યાગી એકનેજ ચાહે, તેના ચિત્તમાં છે જારી છીનાળા
ધીક બાઈ તુજને, ધીક તારી બુદ્ધિ, વિપરિત વાત વિચારી–અહા.

(૧૬) ભરથરી. –રાગ સીંચાનો કનારો–

તારૂણી તુજથી નથીરે જુદાઇ, શશીવદની સુખ પામું હું આંહી,
વદન મનોહર તારૂં લલિતા, સૌરભ અંગ જઘન સુખદાઈ–તારૂણી.
ભ્રકુટી વિક્રમ સ્મિત અતિ વિભ્રમ, નિરખી પ્રિયા ભૂલું સરવેરે કાંઇ,
ત્રણસોનેસાઠ ત્યાગી તુજનેરેચાહું, તુજવિણ મુજ ક્ષણ કલ્પ સમજાઈ

(૧૭) વીર કેશરી. –રાગ ગઝલ–

ખરા તે હીંદના સંતાન લડે જે હીંદને કાજે,
લડે જે હીંદને કાજે, મરે જે હીંદને કાજે.
ડુબાતા દેશને દેખી, ચડે વારે ઉમંગથી;
પ્રભુ કે બાદશાહોથી, ઝુઝે જે હીંદને કાજે,
ન મોહે માયા મહોબતમાં, ન લોભે માલ દોલતમાં;
જીવન જર પ્રાણ સૌ પલમાં, તજે જે હીંદને કાજે,
યતો ધર્મ સ્તતો જય છે, કરો યાહોમ શો ભય છે;
અમર તે થાય છે નિશ્ચે, મરે જે હીંદને કાજે.

(૧૮) વિરવિજય. —રાગ–ગઝલ—

તમોને જો તમારાથી, તમારો દેશ પ્યારો છે,
ન તજશો ધર્મ નિતી તો, વિજય અંતે થનારો છે!
હશે જો સંપ ને સમતા, વળી કર્તવ્યને હિમ્મત,
તમારા ભાગ્યનો આખર, ચમકવાનો સિતારો છે!
જશે એ રાત અંધારી, ચમકતા શૌર્યનો ભાનૂ;
ઝુકો યાહોમ કરી રણમાં, વિજય ડંકો તમારો છે!

(૧૯) મહાશ્વેતા કાદમ્બરી. —રાગ ભજન—

રામ ભજ તું પ્રાણીયા. તારા ભવની ભાવટ ભાગશે (૨)
"બોલો રામ સીતારામ" પંખીડા તું જો વિચારી
કર્મ તારા લે,સંભારી,વાસના નઠારી તુને રૌવ રૌવ નર્કે નાંખશે-રામ.
મૂઢ તેં મતિ વિસારી, મતિ તેવી ગતિ તારી,
ઉઠજે સંભાળી તારી કાયા કંચનની થશે—રામ.

(૨૦) મહાશ્વેતા કાદમ્બરી. —રાગ ભજન—

રૂપે શું મન રાચ્યોરે, કાયાનો રંગ કાચોરે ભગવાન ભજો (૨)
હાડમાંસને રૂધિર ભરેલું, મઢ્યું ચામડે અંગ, (૨)
ગંદા દેહનો ગર્વ નકામો, કાયાનો રંગ પતંગ.
ભરૂંસો નહીં સાચોરે કાયાનો રંગકાચોરે ભગવાન,—

(૨૧) બિલ્વમંગળ ઉર્ફે સુરદાસ —રાગ, ભજન—

વિષય વાત મમ માત તજીને; કૃષ્ણ ભજન તું કરવા દે,
ધર્મ વ્રતિએ ધરણીધરનું, ધ્યાન ધૃતિથી ધરવા દે.
અધમપણાને અલગ રાખી, ભંડાર ભકિતના ભરવા દે,
નટવર નામનું નાવ મળ્યું છે, તો ભવસાગર તરવા દે !
નાશવંત નર નામ છાંડીને, અક્ષય વરને વરવા દે-વિષય૦

(૨૨) બિલ્વમંગળ ઉર્ફે સુરદાસ. —:૦:—

દાસ પરે દયા લાવોરે, દયાળુ દેવા, દાસ પરે, દયા લાવો.—ટેક.
સંસારે સંબંધ ત્રોડી જીવ આપ ચરણે જોડી,
હુંતો બની બેઠો, બાવો બાવોરે—દયાળુ.
આંખો વિના સંકટ આવું, ખાડામાં ગોથા ખાઉં,
વા'રે અવિનાશી આવો આવોરે—દયાળુ.

(૨૩) બિલ્વમંગળ ઉર્ફે સુરદાસ —:૦:—

આ તારાં વચનો સારાં, સ્નેહે સાંભળતાં.
શાન્તિ પામ્યું મન મારૂં રે આજે—આ૦
જગની જંજાળમાંથી બળતો બચાવ્યોજી,
ધન્ય ગુરૂ ચીન્તામણી, ધારૂં રે આજે !
ભકિત ભગવાન કેરી કરતાં હમેશાંજી,
થવાનું ત્વરાએ શુભ તારૂં રે શાણા--આ તારાં.

(૨૪) વીણાવેલી. —:૦:—

અરે શું માનવનો અભિમાન, પલકમાં ટળી જશેરે,
અરે જેમ પીપળ ઉપર પાન-પલકમાં ખરી જશેરે.
પલકમાં ખરી જશેરે-માટીમાં મળી જશેરે—અરે૦
ઘડી જીવતરમાં ઘડી એક સુખની ના........રે નથી;
મૂઢ મમતમાં તોયે મરતા આ આ...........રે નથી.
પામર નર નાદાન........અરે શું.
કાયા કલેવર કારમું છે ગંદકીનો ધાડવો;
સમજુ જને સમજી જઈ અભિમાનને વણસાડવો.
અભિમાન ફણિધરને નહિ દુધ પાઇને પેધાડવો,
રાવણ સરિખા રાજવીએ લીધા નથી કંઇ લાડવો.

(૨૫) વીણાવેલી. —:૦:—

કાયા કાચો કુંભ છે, જીવ મુસાફર પાસ,
તારો ત્યાં લગી જાણજે, જ્યાં લગી શ્વાશોશ્વસ;
સદા સંસારમાં સુખ દુઃખ સરખાં માની લઇએ,
રાખે જેવી રીતે રામા રંગે તેવી રીતે રહીએ—સદા.

સાખી { પીંપળ પાન ખરંતાં હસ્તી કુંપળીઆં;
મુજ વીતી તુજ વીતશે, ધીરી બાપુડીઆં.
દશાના ઢંગ રુતુના રંગ જેવા દેખી લઇએ—સદા.

સાખી { કદી મેહુલો ને માળીઆં, કોમળ છપ્પર ખાટ;
કોઈ દીન એવો આવશે, ભુખ્યે ન મળશે ભાત—સદા.

(૨૬) ઉદયભાણ. —:૦:—

મન માયાના કરનારારે, જરી જોને તપાસી તારી કાયા,
પુછી જોને તું પંડિત પુરાણારે, કોના અમર છે લેખ લખાણા.
કાચી છે કાયા આ માટીની માયા, છે માટીના ખેલ બનાયા;
શાણા તો સમજી અલગ થયા, પણ બાલક બિચારા લપટાયા.
લાખોની પાંખો ગઈ છે પીંખાઇ, જેણે મૂછપર લીંબુ ઠરાયા;
કાળના કોવાડેથી કોણ બચ્યું છે, ભલે રંક કે હોય મહારાયા.
સંધ્યાના જેવા રંગ સોનેરી, વંધ્યાને લાડ લડાયા;
જોબનને તન ધન તેવા સમજવાં, પાણીમાંના પડછાયા.

(૨૭) અરૂણોદય. —:૦:—

તમે જો જો ન વાયદા વીતાવજો,
પીયું પહેલી પેસેંજરમાં આવજો;
હાર તોરાથી સ્વાગત્ શોભાવજોરે—પીયું.
સિલ્કની કીનાર કોઇક વાયલ આછેરાં,
કોઇક નવા નાટક ના અચ્છા ઓપેરા
થોડા હેન્ડબીલ હેરઓઇલ ના લાવજોરે—પીયું.
એક હારમોન્યન પેરીસનું લાવજોરે;
આવવાનો તાર મને આગળથી આપજોરે,
તમે સામા સ્ટેશન પર સીધાવજો—પીયું.

(૨૮) લીલાવતી. —:૦:—

અરજી સાંભળોને સરકાર મુજને ગાંઠતી નથી ઘરનાર. (એ ટેક).
અગીયાર વાગે ઉંઘમાંથી ઉઠી, તરત તડકે જાય;
દાતણ કર્યા વિના મોગરીને મુળા ખોળામાં લઈને ખાય.—અ.
વાંકુ ચુંકુ બોલી વઢવું ને રડવું, ફુઅડ રાંડને રોજ,
ઘરમાંથી ગોળ ઘી ચોરી ખાવાની, ખોટી પડી છે ખોજ.—અ.
પાડા પાડોશીને ડોશી ડોસાથી, લડી ચુકી લાખવાર,
પોતાના બાળકને નિત્ય બઝુકે, મારે મને પણ માર.—અ.
રાખના ઢગલામાં ફોરા પડયા જેવું, રાંડના મોઢાનું રૂપ,
ભુત ભડકામણી મારે કુભારજા, ભડકી મરૂં છું રે ભુપ.—અ.
સુગરીના માળા સરખું છે માથું, વેંત વેંત લાંબા વાળ;
ખણતાં જુવાના ટોકળા ખેરવે, પરસેવાની પડનાળ.—અ.
હોળી દીવાળીએ ન્હાવાનો નેમ છે, વડી ચતુર છે વહુ,
અંગે ઓઘરાળાને લુગડામાં લીખો મારવાડ કેરી મઉ.—અ.

(૨૯) સંગીત લીલાવતી. —:૦:—

લાજ છોડી છેક તેં છકેલ છોકરા,બાપની તેં આબરૂના કાંકરા કર્યા.
આવી છે દીવાળી હોળી હઇયામાં બળે, જઉં છું. વહુને
તેડવા પણ દા'ડો શો વળે. લા.
સે....સાસરામાં જાણે છે જમાઇને સહુ, માટે નહિ મોકલે
વેશ્વાઇ તો વહુ. લા.
સ....કરવાને વીવેક લોક લાજથી જવું.......................
બો...........ગાડી જોડી લાવ્યો ખોટી કયાં સુધી થવું.

(૩૦) પૃથ્વી પુત્ર. —:૦:—

માળા મોતીડાની મોંઘી મંગાવજો,
કંથ કોડીલા કંઠે પહેરાવજો.

ચોળી કુસુંબી રંગે રંગાવજો,
સાડી સુંદર શરીરે સોહાવજો.

હોંસિલા હીરાની બંગડી બનાવજો.
કોમળકર કુંદનને કંકણે દીપાવજો,
હાર હીરા માણેકે મઢાવજો.—માળ.

નીત્ય મીષ્ટ ભોજનીયાં ભાવે જમાડજો,
આછાં આછાં પુલડાંની વેણી ગુંથાવજો.
સદન વિજળીની જ્યોતે સોહાવજો,
મીઠાં જોબનનાં જાંબુ ખવરાવજો.—માળ.

(૩૧) વીરકુણાલ —:૦:—

હું ખાપરો તું કોડીયો જોડી વીંછીને સાપની,
મીઠા ડોસીને પૂછવું છે બુધ્ધિ કોઈના બાપની?

કાયદો પૂછી શકે નહિ એવી વિદ્યા આપણી,
કાયદેથી બોલી ફરવું છે બુદ્ધિ કોઇના બાપની?

માથાંઓ સુડી મૂર્ખના પહેરાવી ટોપી માપની,
કહેવું અમે શું જાણીયે છે બુધ્ધિ કોઈના બાપની?

પોડેલો સહુ સંસાર અહીં પરવા કરો ના પાપની,
શ્રી કૃષ્ણ ગીતામાં કહી ગયા છે બુદ્ધિ કોઈના બાપની?

(૩૨) વિર કેશરી. —:o:—

આપ પાપડવાડીમાં પધારજો લ્હેરીલાલ,
મંદીરની સામે મકાન છે, નીચે દેશી દારૂની દુકાન છે.
રંગરંગીલા ચાલ મારી પાડોશમાં તુલસી કયારાનું નિશાન છે.
છજામાં! તુલસીના ઝાડનું નિશાન છે-લ્હેરીલાલ.
અખંડ ને અભંગ આજ સાંજ પહેલા પધારજો.
હડતાવાળાનું તોફાન છે,જ્યાં હડતાળવાળાનું તોફાન છે-લ્હેરીલાલ.
જોખમ ભરેલું કામ પુરી પચાત છે, ધાસ્તી છે! આફતમાં
જાન છે, મારા બાપ ધાસ્તી છે-લ્હેરીલાલ.

(૩૩) બલિરાજા. —:o:—

આનંદ મંગળ ગાઓ, પરણાવી લેશુ લ્હાવા;
મારી વેવણ રસીલી જોડી શોભશે.
નિરખી કન્યા કહેશો, મુખ જોઇ તાકી રહેશો-મારી.
વાહ ઠીક મળ્યું છે ટાણું, એક લુલું ને બીજું કાણું;
મળી વેવાઇને વેવાણું, ફેરા ફેરાવોને ઝટ-આનંદ.
ફૂડાકિયા તમે જોશો, હોળીને દહાડે રોશો;
કેવી જાન જોડી હું આવું, દુનિયામાં ડંકો વાગશે-આનંદ.
તડાકીયા કહું તમને, અતિ ઉમેદ મનમાં અમને;
વાજાં વગડાવું જો જો, ફરશુરામનો ફડાકો-આનંદ.

(૩૪) અહલ્યાબાઈ. —:૦:—

રાજ સમી સાંજના આવજો, સામી સડકપર બંગલો,
મીઠા મ્હેમાન આજ આવજોરે—સામી૦
પ્રીતિ સરવરની પાળે પાતળીયા,
અમીરસ પીજો પીવરાવજોરે—સામી૦
કાયાને ક્યારડે બ્હેકે કસ્તુરી,
લ્હેરખડાં લુંટજો લુંટાવજોરે—સામી૦

(૩૫) અહલ્યાબાઇ. —:૦:—

મને એવો પરણ્યો ભાવે, બોલ્યું સાંખે લાડ લડાવે,
નોકર થઇને નમતો આવ. લાગે પાય, પાય, પાય,
મનગમતાં વસ્ત્રો લાવે, હીરા મોતીડા મંગાવે,
પ્રેમે પ્રીતિરસ પીવડાવે, ચિતડું ચાય, ચાય, ચાય,
મીઠી બંસી હું–એ મણીધર, મધુર નાદપર ડોલે,
નયન ઈશારે થનથન નાચે, ખમા, ખમા, કહી બોલે,
નમતો જાય, જાય, જાય,

ભલે મેઘ એ હોય શ્યામ હું વીજળી થોડી થોડી,
કામણગારો કૃષ્ણ, ગણીને, બનુ રાધીકા ગોરી–જોડી,
જુગતી થાય, થાય, થાય.

ધોળે દિવસે રાત કહું તો, હાજી હા જે કરતો,
બની દીવાનો રૂપ રંગમાં પાછળ પાછળ ફરતો,
હું કહેવાવે ઘણી; તો તેવો જોઇયે, લાગે પાય, પાય, પાય.

(૩૬) આનંદ લહરી. —:૦:—

હું છું નખરાળી નાર, સામું ન જોશો લગાર—હું છું.
નખરાંએ કંઇકને ઘાયલ કર્યા છે, મૂર્છા પામ્યા છે હજાર—હું છું.
વાંકી ભમ્મર મ્હારી કામણગારી, નેણ જાણે ખંજરની ધાર—હું છું.
સ્હામું જોશો તો પોક મુકી રોશો, બનશો બેઅક્કલ ગમાર—હું છું.

(૩૭) મુદ્રા પ્રતાપ. —:૦:—

બહુ ધીરજના ફૂળ મીઠાં બેન, ધીરજના ફૂળ મીઠાં છે;
કહે ઋતુ વિણ ફૂળ કયાં દીઠાં, બેન ઋતુ વિણ ફૂળ કયાં દીઠાં છે.
તરૂવર તહાં તરૂવરની છાંયા, કંથ તહાં કામનીની કાયા;
જન બહુ મથન કરીને થાકે, ઉતાવળે આંબા નવ પાકે.
મન કરીએ ન અજીઠાં બેન—ધીરજ.

(૩૮) અહલ્યાબાઇ. —:૦:—

પીટયા મરજો મા ને બાપ જોડયું કજોડલું રે
સુવા મોટા ઘરમાં આપ જોડયું કજોડલું રે
રંગ ન જોયા ઢંગ ન જોયા જોયું ન રૂપ કરૂપ
કાળમીંઢને આપી કપુરી કરમે લખીયો કુપ
મને વળગાડયું એ પાપ—જોડયું કજોડલું રે
સુકયો કાગજડાપર કાપ—જોડયું કજોડલું રે

(૩૯) માલતી માધવ. —:૦:—

લ્યો સુંદરી સુમનની માળા, જઇ કહેજો પ્રણામ હમારા,
માળા નહિ પણ વરમાળા, સુંદર વર ઓ....વરમાળા

મુખ દર્શનથી મન ચોરી (૨) ચિત હરી ગઈ બાળ ચકોરી,
તમે કિશોર એ નવલ કિશોરી, મટકે મોહ્યાં મટકાળા....શ્યો.

(૪૦) સાગર રીતા. —:૦:—

કુંવારૂ રહેવું ઘણુંજ સ. :બળ્યું પરણવાનું,કાકાજી બળ્યુંપરણવાનું,
સારો ધણી જો નહીં મળે તો જુગ જુગ રડવાનું;
કાકાજી જુગજુગ રડવાનું.
પ્રેમથી રમાડું તને વ્હાલી હંમેશાં, ખાલી તું શીદ અકળાય;
ઓ વ્હાલી ખાલી તું શીદ અકળાય;
ભાણીયા દીકરા મુંગો મરી રહે, નહીં તો પૂજેતો થાય;
ઓ કાકા તમારૂં નખ્ખોદ જાય.
મેનાં તું કયારે હવે મારી થાય....નહીં તો....કુંવારૂં૦

(૪૧) અરૂણોદય. —રાગ–ગઝલ–કવ્વાલી.

વ્હાલા કહું વહેવારની, બે વાત આ અમૂલ છે,
અભિમાનથી ન સાંભળો તો, આ તમારી ભૂલ છે!
મન માન્યું મળતું નથી, કોઈને બધુંય સંસારમાં,
ખામીમાં ખામી ખોળવી, એ તો તમારી ભૂલ છે.
કાળા છીએ રંગે અમે પણ, કાળજાં કાળાં નથી,
તેનીય કીંમત ના કરો તો, આ તમારી ભૂલ છે.
છોડી અમે શ્રી રામને, જપીએ તમારા નામને,
તોએ ન રાખો નેડલો, તો જીવતર અમારૂં ધુળ છે.
મીઠા અમી આપો નહીં, તો ચાહ એ શા કામનો,
ચા' પાઈ બાળો કાળજાં, એ તો તમારી ભૂલ છે.

(૪૨) માલતી માધવ. —:૦:—

ભાભી મારાં ડાહ્યા ડમરાં,શા માટે શરમાવો,તમે શા માટે રીશાવો,
ઓ નાનાં નણુદલ આવો........આ કોણ ?........તારો પ્રાણ ?
હવે શા માટે શરમાવો (૨)........ઓ........

(૪૩) વીર કુણાલ. —:૦:—

હું મદમાતી, ભુલામણીને નામે પંકાતી,
કોઈ લ્હેરી જોઈ લજવાતી,હું લચક છબી લેખાતી.
ભર જોબનમાં ઝોલા ખાતી, દેવદર્શને જાતી,
નીરખી કેકની અંતરકળીઓ, ખીલીને કરમાતી,
રશથી છલકે મુઈ છાતી.

(૪૪) એકજ ભુલ. —:૦:—

મને ભોળીને ભરમાવીરે મા, કેમ કરૂં !
અણસમજુને ફોસલાવીરે મા, કેમ કરૂં !
મારી પાસે પાસે આવે, છાની વાતો સંભળાવે,
મારૂં દીલ લલચાવે, પેલો ગરજી;
પ્યારી કહીને બોલાવે, એની પાસે કેમ ફાવે,
એ તો સાંભળે ન એકે, મારી અરજી;
છાતી–માં–તો અરરરરરરર અરરરરરરરર થાયરે. મા કેમ કરૂં–મને.
એના મોઢાંની મીઠાશ એ તો જાણે નાગપાશ,
પછી હોય કે ન હોય મારી મરજી;
કરે પરાણે એ પ્રીત, એતે કયાંની હશે રીત !
થઈ બેશે ધરાર મારો વરજી !

(૪૫) છત્રવિજય —:o:—

આશીષ બાપુ આપો, અહીંઆંથી વન્જે માપો,
મારા રાજા ચાલાકી આનું નામ છે.—
તાલ કેવા કીધા? ભગલા ઠગો તેં દીધો;
આ સિંહ તણો ચાલાકીથી શીકાર પડાવી લીધો.—મારા૦
ભોગ લાગ્યા મારા, મેં ભગલાને ઘરમાં ઘાલ્યો.
ગોટાળો ગંભીર કર્યો, ને બુલબુલ આ લઇ ચાલ્યો.
(વાહરે મારા વ્હાલા–લટકાળા લ્હેરી લાલા)
કેશર શીદ કરો છો ચાળા? તમને લઇ જાય મોટરવાળા–મારા૦

(૪૬) સુર્યકુમારી. —:o:—

સોહામણી સ્વર્ગની વાટ, એક દીન શોહાવજો હોરાજ,
રસિલા અમરાપુરીના ઘાટ, એક દીન સોહાવજો હોરાજ.
મૃત્યુ લોકનાં મનુષ્ય કયાં, કયાં અમરાપુરી ઘાટ,
અઘટીત-કહો એ કેમ બને, વસમી વીકટ એ વાટ.
મુગટમણી તમે રાજસદનના, પારીજાત તમે નંદનવનના;
રાજવંશી દેવાંશી રસીકવર, પ્રિતજ્યોત પ્રકટાવી પરસ્પર.
મેળવવા અંતરમાં અંતર, સ્વગ અમારૂં સોહાવજો હોરાજ.

(૪૭) રાજા શંભાજી. —:o:—

રાજા તારા ડુંગરીઆ પર, બોલે ઝીણા મોર,
મોર જો બોલે પપૈયાં બોલે, કોયલ કરેરે કલશોર (૨)–રાજા.
આઝમ રાત વીજલડી ચમકે, છાઇ ઘટા શી ઘનઘોર (૩)–રાજા.

સાખી { કોકિલ કલરવ તું કરી, બળતીને નવ બાળ,
હું સુતી પિયુ વિરહમાં, હૈડે ઉઠે ઝાળ.

બાઇ "મીરા" કહે પ્રભુ ગીરધરનાગર, તું મારા ચિતડાનો ચોર–રાજા.

(૪૮) અશ્રુમતી. —રાગ–ગરબો—

શું નટવર વસંત થેઇ થેઈ નાચી રહ્યા
નાચી રહ્યા જગ નચાવી રહ્યા–શુ૦

સાખી { કોયલ મધુર મોરલી બની, છેટે નટવર કાન,
વિરહ ઘેલી ગોપી ઘણું, તજી નિકળી અભિમાન.

રસિઆ વિનાની બની બાળા એ બ્હાવરી,
વેણું વસંત ચિત્ત વિંધી ગયો–શુ૦

સાખી { શીતળ સુખકર પવનની, લ્હેર ઘુમે ચોપાસ,
જાણું રાધા કૃષ્ણજી, રાસ રમે છે ખાસ.

વિધ વિધ પખીના વેણુ, ઘુઘરી ઘમકેરે,
મહિ મહિં મેનાના નાદ, ઝાંઝર ઝમકેરે,

સાખી { નવપલ્લવ વાઘો ધરી પચરંગી શીર પાઘ,
ફાગ લાગ સાધી રમે, મદનરાજ મહાભાગ્ય,

લ્હેર. લાલાથી રમે લલનાઓ લાડમાં,
પ્રીતિ ગુલાલ લાલ છાઈ ગયો–શું૦

(૪૯) બલીરાજા. —:૦:—

શાને કહેતા છકેલી, રંગીલા મને છોને કહેતા છકેલી,
હું તો જોબનમાં ઘેલી બનેલી—રંગીલા મને૦
બાગબગીચાની સહેલ બહુ સુંદર, જાણે શું ઘરમાં ગોંધેલી,
બદામી હલવોને ઘારી જલેબી, તાજી તાજી ખાઉં પહેલી–રંગીલા.

સાટીનની સાડીઓ કસબી ભરેલી કોર,સ્વપ્ને નહિ કોઇએ દીઠેલી;
પોલકાંને ચોળીઓનો પાર નહિ મારે, લટકેથી લુંટી લાવેલી–રં૦
નવસેરા હાર સાચા મોતીના સુંદર, બંગડીઓ માણેક મઢેલી;
લુમણાંને ઝુમણાં લાડવઇ પહેરતી, વિદ્યા હું પાકી ભણેલી–રંગીલા૦

(૫૦) કંસવધ. —:૦:—

કાનુડા તારી કામણ કરનારી, વૃજમાં વાંસલડી વાગી,
મીઠી ને વળી મોહક, મન વશ કરનારી—વૃજમાં.
મન વશ કરનારી, સ્વર સુણતાં લાગે સુખકારી;
હું ઘેલી, (૨) તમ વિણ થઇ શું ગિરધારી—વૃજમાં.

(૫૧) ભોડાણો. –કબીર ભજન–

તારી ધીરે ગાડી હાંકેરે, મેરામણ ગાડીવાળા,
તારી મજરે ગાડી હાંકેરે, મેરામણ ગાડીવાળા;
ઘોડા છુટયા થાનશે, પીછે પડી પોકાર,
દશ દરવાજા બંદ હુવા, તોબી નીકળ ગયા અસ્વાર–તારી૦
ગંગા કીનારે ઘર કરી, અને નહાવા નીરમળ નિર,
આપ્યા વિના શું પામીએ, તે કહી ગયા દાસ કબીર–તારી૦

(૫૨) અરૂણોદય. –આબાદીનો ઉપાય–

ચાહો જો ભારતના સંતાન, જગતમાં ભારત આબાદી,
—તમે અંગે ધરો ખાદી.
દેશ ઉદયની તજો નિરાશા, હવે બનો આશાવાદી,
વિદેશીનાં તમે મોહ તજ્યાં નહીં, કરી દેશની બરબાદી;
કલંક કાળા દુર કરો એ, પાવન કર પહેરો ખાદી.

"આ દેશ ભારત વર્ષ છે, જ્યાં પ્રથમ અરૂણોદય થયો,"
"અસ્તાચળે તમ ભાગ્યનો ભાનુ અરે આજે ગયો."
"પ્રાચીનકળા મંદીર તમારૂં, તેજહીણુ દેખાય છે,"
"કારણુ તમારી સંપતિ, પરદેશમાં વહી જાય છે."
લોકમાન્યના વીર વ્રતની, કંઇ ધરો ઊરમાં યાદી,
—તમે અંગે ધરો ખાદી.

(૫૩) સુરદાસ. –રાગ ભજન–પદ–

નાથ કેસે ગજકો બંધ છુડાયો,પ્રભુ એહી અચરજ મોહે આયો–ના.
ગજ ઓરગ્રાહ લડત જલ ભીતર, લડત લડત ગજ હાર્યો,
જવભર શુંઢ રહી જલ ઉપર, તબ હરી નામ પુકાર્યો–ના.
સવરીકે ઓર સુદામાકે તાંદુલ, રૂચી રૂચી ભોગ લગાયો,
દુર્યોધનકો મેવો ત્યાગી, ભાજી વિદુર ઘર પાયો–ના.
પેઠ પાતાળ કાળી નાગ નાથ્યો, ફણુધર નૃત્ય કરાયો,
ગીરી ગોવરધન કરપર ધારી, નંદ ઘર લાલ કહાયો–ના.
અગાસુર માર્યો, બગાસુર માર્યો, દાવાનળ પાન કરાયો,
સ્થંભ ફોડકર હિરનાકંસ માર્યો, નરસંગ નામ ધરાયો–ના.
અજમેલ ગજ ગુનકા તારી, દ્રૌપદીકો ચિર પુરાયો,
પયપાન કરતાં પુતના મારી, કુબજાકો રૂપ બનાયો–ના.
ખોલ કોટડી પ્યાદલ ધાયો, ગરૂડકો નાહિ બોલાયો,
છુટો નહી રાધાજીકો કંગન, ઓ બલ કહાંરે ગુમાયો ના.
જોગી જીનકો ધ્યાન ધરત હે, ધ્યાન ધરત નહીં આયો,
"સુરદાસ" પ્રભુ તિહાંરે મીલનકુ, જશોદાકી ધેન ચરાયો–ના.

(૫૪) શ્રી ભોજાભગત કૃત. –ચાબખો રાગ ભજન–

મુરખે નાર કુભારજા આણી, એનું ઘર કર્યું ધુળધાણી.-(ટેક)
પાંચ મણની લાપસી ભરડી, મણની ભુંજી ધાણી;
ઘીનાં ઘાડવા ઘોળી નાંખ્યા, દુધમાં નાંખ્યું પાણી–મુરખે.
વાર પરવે ૢઢવાડ કરેને, કલેશ કરે જાણી જાણી;
છોકરાંને માથે છણકાં કરેને, ચૂંટીઓ લે તાણી તાણી–મુરખે.
ખરે બપોરે રસોઈ નીપજાવેને, રાતે જાની પાણી;
છોકરાંને મારી મારી સુવાડે, ઓલાવા રાત જાણી–મુરખે.
ટાઢું શીળુ કંથ આગળ ઝાંસે, મરે જ્યારે ભૂત તાણી;
સાંજ પડે ઘેર ભટકીને આવી, ઉપર જાતાં રીશાણી–મુરખે.
પટીયા પાડી આંખ આંજી આડડે,સાસરે પીયર ન સમાણી;
"ભોજોભગત" કહે ગુરૂ પ્રતાપે, ઉતરેલ નાર શીદ આણી–મુરખે.

(૫૫) કનકતારા. —:o:—

મય તો મારવાડકો બાનીયોરે-બમ્બઈ શહેરકો આયો.
મારવાડસે નિકસ્યો જબતો પાંઉમે નહીં થો જુતો,
ઘાસલેટ (લે–ઘાસલેટ)કી ફેરી ફરીને પાંજરાપોળમાં સુતો.–મ.
બ્યાજ બટાકો ધંધો કરીને પૈસા પાંચ કમાયો,
આધી આધી જમે કરીને, લાડીજીકો લાયો.— મયતો.
લાડીજીકો મુખડો ભોલો, મોરે મનકો ભાયો,
લટક મટક કર ચાલી જાણે, મોરો જી લલચાયો—મયતો.
(અયે ! રામ રામ જીયો ભાઇ ગંગારામ દીયા દાન છુટે પ્રામ
—તાંબા દાન—પીતળ દાન.)—મયતો.

(૫૬) વીર કુણાલ. —રાગ—ગઝલ—
સમય જો હોય સારો તો, સકળ સંસાર સારો છે,
સમય સારો સિધાવ્યો ત્યાં, નહીં સંસાર તારો છે.
સમય પર જે મહારાજા, સમય પર તે ધરે ભગવા,
સમય પર ખાય તે ધક્કા, સમયનો રંગ ન્યારો છે.
ચડે વાદળ ચડે ભરતી, ચડે જોબન વધે લક્ષ્મી,
ઘડીમાં તે પડી જાતાં, સમયનો રંગ ન્યારો છે.
સમય સારે ન સારૂં જે, કહે તે સહુ ગમારો છે,
અભાગી ખાય તે ખત્તા, સમયનો રંગ ન્યારો છે.

(૫૭) પૃથ્વીપુત્ર. —:૦:—
નવીન પ્રેમરસભીની મૃગનયની ભાન તું કયાં ભૂલી આવી,
શાણી સલુણી મદન મદભીણી કોણે તને ભરમાવી બ્હેન—ભાન.
સરવર તટપર જલક્રીડાએ સહજ સખી એ તો આવી,
ચંપક છાંયે ઉભી રહી એને ભોગીએ ભરમાવી.
અરસપરસ અમ આંખ મળી મને લોચનીએ લલચાવી—બેન.
માર્ગે જતાં મળ્યો મધુકર નિકટ ગઈ અણજાણી.
મદભર રસીકા રસ લૂંટતા, રસ ઘેન મહીં ઘેરાણી,
મનગમતાની મોજ મજામાં ફુલ વેણી વીખરાણી—બેન.

(૫૮) છત્ર વિજય. —:૦:—
અલી નયન બાણુ કયાં વાગ્યાં ?
મનના મુગ્ધ ભાવ કયાં જાગ્યા ? સાચું બોલ બોલ બોલ,

કોણ રસિકવર મળ્યા પરસ્પર ક્યાં હૃદયે અનુરાગ્યા ?
લોચનીઆં મદઘેરા તલસે અધર સુધારસ તરસ્યાં,
વસીકરણ કોણે કીધાં આ, વ્હાલ કહે કયાં વરસ્યાં ?–સાચું.
લાલ કોણ ને લગની શાની, હજી હું બાળ કુંવારી,
ચાલાકી મુકી દો ચતુરા, જાણી ઠગાઇ તમારી.

(૫૯) સત્ય પ્રકાશ. —:૦:—

બાઈ હું તો પરણી તોય કુંવારી;
મને મળ્યો વૃધ્ધ ભરથાર, મારો એળે ગયો અવતાર–બાઈ.
સાસુ સતાવે નણંદ ડરાવે મ્હેણાં સહુ સંભળાવે,
કજોડલાંની કહાણી કહી મને પાડોશણ શરમાવે–બાઇ.
કુવે તળાવે પાણી જાઉં ત્યાં, લોકો પાછળ આવે,
"નવી કાકી કયાં ચાલ્યાં" કહીને; પીટયા મને બોલાવે–બાઇ.

(૬૦) ભિષ્મ પીતામહ —:૦:—

જખમના દરદો જખમી જાણેરે, વિણ જખમી શું જાણે,
મરદના ઘા તો મરદ વખાણે, કાયર શું જાણે.
એ બાઇજી.... ....કાયર શું જાણે,
આમ્ર સ્વાદમાં કોકીલ માણે મૈના દાડમ દાણે,
હરખી હરખી હંસ કમળના કોમળ તંતુ તાણેરે;
બગલા શું જાણે...........એ બાઇજી...............જ૦
પતિ પત્ની માણે રતીરશમાં કામદેવને બાણે,
શું સમજે તે જોગી જન્મનાં, જે જગ મીથ્યા જાણેરે;
જાણે તે જાણે......................એ બાઇજી........જ૦

(૬૧) વૈરાટપર્વ. રાગ—ભજન.
કાયા માયા કોઇકી નાહીં ભાઇ, સબ કહેતે હુંય અપની અપની.
સત્ય જુગમે હરીશ્ચંદ્ર ભયે રાજા, સત્યકી સત્ય કહી,
એક સત્ય કે કારને ઉને કાયા બેચ દહી!
ત્રેતામે રાવણુ ભયો રાજા કંચન કોટ સહી.
એક લક્ષ પુત્ર, સવા લખ ન્નાતી, વાકો લકડી નાહીં મીલી?
પ્રાન વાયુ જબ ઉડ ગયા તનસે, માયાભી મીટ ગઈ,
ઇસિ દુનીયામેં વોહી નર ભુલા, જીસને કાયા અપની કહી.

(૬૨) સંસાર નૌકા. —:૦:—
શ્યામ ઝુલે હીંડોળા કુંજન બનમે! કુંજન બનમે મધુ બનમે.
લતાએં પુષ્પોકો, ઝુલેમે કયા ઝુલાતી હુંએ?
પવનકે ઝોંકોમે કયેસી, સુગંધ આતી હુંએ?
ચમનમેં ઝુકતે શાખેં સમાં દીખાતી હુંએ?
મદનકો ગોદમે લેકર, એક સબ રમાતી હુએ?
બસ ગઇ સાવરી સુરત એક નયનમેં?

(૬૩) પૃથ્વી પુત્ર. —:૦:—
લોકો કહે છે કૃષ્ણ કર્તા, અકર્તા સાક્ષાત છે;
તો ધ્યાન દઇને સાંભળો, આ અન્તર્યામીની વાત છે.
ખાંડવને બાળ્યું અર્જુને લંકા હતી સોના તણી;
હનુમાનજીને પૂંછડે, ત્યાં આદર્યો ઉત્પાત છે.
બાળ્યો નકામો કામને, બેભાનમાં શ્રી શંકરે;
દારિદ્ર જગનું બાળવા ના કોઇની તાકાત છે.

આ કોલસાનો ભેદ એ, દારિદ્ર બાળો દેશનું;
જો કૃષ્ણથી એ ના બળ્યું, તો અજાયબીની વાત છે.
બ્રહસ્પતિ સમ વિદ્વતામાં, વિપ્ર આ સાક્ષાત છે,
ઉલટા તણું સુલટું કર્યું, એ અજાયબીની વાત છે.

(૬૪) સુરદાસ કૃત. —ભજન રાગ પદ—

કેવું તે વાશે વહાણું, ઘેલા પ્રાણી કેવું તે વાશે વહાણું-(ટેક)
લાડીને લાવું પુત્ર પરણાવું, કાલની વાત ન જાણું-ઘેલા.
બળીરાજા કહે લેઉં ઇન્દ્રાસન, યજ્ઞ કીધા નવ્વાણું-ઘેલા.
જગત જુગદીશ ના ઓળખ્યા, ક્ષણું એક ન રહેવાણું-ઘેલા.
કાયા જુઠી માયારે જુઠી, જુઠું તે ઘર કેરૂં નાણું-ઘેલા.
"સુરદાસ" કહે તમે હરી ભજી લ્યો,ઓચિંતું આવશે આણું-ઘેલા.

(૬૫) નંદ-બત્રીસી. —સત્ય શેત્રંજ ?—

ગંગાજળ નિરમળ સમુ, શુદ્ધ પવિત્રજ સાર,
તેનું કુળ જો માહરૂં (તો) પડ પાસા પોબાર.
હંસ ગયો સરોવર તીરે દીઠું અમૃત સાર;
પીધા વીણ પાછો ફર્યો, (તો) પડ પાસા પોબાર.
સત્ય ચુકે જો સાધવી, ધરા ન ઝીલે ભાર,
તે ગુણ હોયે મુજ મહીં, (તો) પડ પાસા પોબાર.
નાગ મુખે અમૃત ઝરણુ ચોર કને ભંડાર,
કામી પાસ રહે કામની (તો) પડ પાસા પોબાર.
મીઠો આંબો સર્વદા, ઉત્તમ ફળ દેનાર,
સત્ય અસત્ય ઠરે નહિ, (તો) પડ પાસા પોબાર.

વિમળ કમળ વિલોકીને, ભ્રમર ગયો તે ઠાર,
દીઠું પણ અડકયો નહી (તો) પડ પાસા પોબાર.
અહલ્યા સીતા દ્રૌપદી સતી ખરી નીરધાર,
તેવું ચિત્ત જો માહરૂં (તો) પડ પાસા પોબાર.
ભુખ્યા આગળ જો ધરે, ઉત્તમ ભોજન સાર,
ખાધા વિણ ઉઠે નહિ (તો) પડ પાસા પોબાર.

(૬૬) આનંદલહરી. —:૦:—

પાધરે પંથે જા ગુમાની! પાધરે પંથે જા.
સુંદરી સામા જોઇ જાદુગરી આંખના ન કર ઘા;
રસિયાજી! આવી નાજુક વયમાં અવળા લક્ષણ આ.
હઠીલા! પાધરે પંથે જા, રસિલા! પાધરે પંથે જા;
વાત કરૂં જરા છાતીયે ચાંપુ, કે ચુંબન આપું હા.
દંત દંખે એવા અધરામૃતની, સાફ ઘસીને ના;
છોગાળા! પાધરે પંથે જા, છબીલા! પાધરે પંથે જા.

(૬૭) રાજતિલક. —:૦:—

બની મુંબઈની શેઠાણી, હું મોટરમાં ફરૂં,
તું પ્હેરે જો આ ખાદી, તો હું કબુલ કરૂં,
બનું પાટણની પટરાણી, રે હું મોજ કરૂં—બની.
ઘોડા ગાડીઓ મંગાઉં, વાડી બંગલા અપાઉં,
પણ ખાદી તો પહેરાઉં, તને મંજરી
સાડી ફેશનેબલ લાવો, મ્હારૂં મનડું મનાઓ—
વળી એરોપ્લેન મંગાઓ, આપો વરદી

ઉડે અદ્ધર સરરરરરરરર ફરરરર જાયરે હું તેમાં ફરૂં—બની.
મ્હેરો હાંસે હોંસે ખાદી, પ્યારી એમાં છે આબાદી,
મળે આઝાદી ને જાય ત્હારી શરદી,
પૂરો મ્હારા અભિલાષ, મીનો મ્હારી પૂરમાશ
મ્હારૂં દીલડું બનાવી દીધું દરદી—બની.
હે–યા–માં ચરરરરરરરર અરરરરરરરર થાયરે, હું કેમ કરૂં–બની.

(૬૮) મહાશ્વેતા કાદંબરી.—:૦:—

અલી જોજે મનાતી ભોળી મેના, ભોળવશે તુજને પોપટજી
મીઠું મીઠું બોલી,
અલી જોજે દેતી તું અંતર ખોલી..............ભોળવશે,
સાખી { પ્રેમે પોપટ દાઝ દીલની દીલ મહીં સમાવશે,
ૠતુ વસંતે માનનીને મદનરાજ મનાવશે.
રસ રાજની રસરેલ જ્યાં રગ.રગ મહીં વ્યાપી જશે,
જખ મારી મેના માનશે, પણ ખોઈ પાયે લાગશે—

(૬૯) પુંડલીક —:૦:—

હમણા તો નથી નવરાસ ગુરૂરાજ, અમો ઘડપણમાં ગોવીંદ ગાશું,
મરણ પછીની વાતો કરો છો મોટી, ત્યારે હમણાં શું પ્હેરવી લંગોટી;
વાત થાય છે ઉધારની તે ખોટી, કેમ શ્યામલાલ સાચુ....યાર....ઘડ.
હજુ બાંધવા છે મારે કંઈક માળા, હજુ થાવું છે દશ વીશ મીલવાળા,
ઘર તાળાં કરી ફુંકવા દીવાળા—કેમ શ્યામલાલ....સાચું....યાર–ઘ.
જ્યારે ચાલશે નહીં કાયા હમારી, ત્યારે સાંભળીશું કથા આ તમારી,
મળે નારી નહિ તો રહેજે બ્રહ્મચારી—કેમ શ્યામલાલ–સાચું–યાર.

(૭૦) ગીનળ મુંજાળ. —:૦:—

હું છું કન્યા કુંવારી મને પરણ્યાના કોડ! બ્હેન પરણ્યાના કોડ—
મને મળશે મનગમતા રે કોઇ રસીલાની જોડ;
પછી–સર્વ કોઇ કહેશે સુંદરી! લાજ કાઢું લટકેથી હું વળી!
—હજુ નાની છું બાઇ.શાને કરતી માથાફોડ,બાઇ કરતી માથાફોડ!
હું છું નાની એવા વર લાવું, જેમાં નવ કાંઇ ખોડ!
બ્હેન જેમાં નવ કાંઇ ખોડ—હું છું.

(૭૧) સ્નેહલતા. —:૦:—

છે નોકરી દુઃખનું મૂળ શૂળ સૌને મોટી હાય હાયરે,
.................................શુળ સૌને મોટી (૨)—છે૦
સારો દિવશ સેવા બજાવી, પોઢવું આખર થાકી,
રાત વિતી, ન માલમ પડે કે" ઝટ નોકરી જાગી.—શૂળ૦
આમ દોડાવે તેમ દોડાવે કરાવે સર્વે વેઠ,
ધીક્ક જગતમાં જીવતર તેનું (૨) ભરે આશરે પેટ.—શૂળ૦
પંડીત જ્ઞાની ધ્યાની સર્વે લખી ગયા વિચારી,
ગુલામગીરી છે નફ્ટ નોકરી (૨) નહીં કરવી તે સારી.—શૂળ૦

(૭૨) કંસવધ. —:૦:—

મુજને માર ના સમશેર, વ્હાલા વિર તું,
મારી સંગ શું છે વેર, વહને વિર તું.
મીંઠળ જોઈ કર તું મ્હેર, આશા ભરી જતી હું ઘેર, તક જો વિર તું,
જો ઈશ્વર વસે ચોમેર, ન કર કંસ કાળો કેર—ડરને વિર તું.

(૭૩) પૃથ્વીપુત્ર. —કવ્વાલી—

આખા જગતના ધર્મથી પણ દેશની સેવા વધી,
જીતી લીધી પ્રીતિ પ્રજાની, તો જીતી દુનિયા બધી.
રાખી પ્રજાને દુઃખમાં, સુખ ભોગવ્યું જખ મારવા,
રૈયત ન રાજી હોય તો, રાજા થવું જખ મારવા.
સ્વતંત્રામય જીવન અમારાં, સ્વદેશ ભક્તિ સ્તવન અમારાં,
ન રાજસત્તા ન એ સિંહાસન, પ્રજાને કારણ ન પ્રાણ પ્યારાં.

(૭૪) રા' માંડલીક. —રાગ આશાવરી—

હઠ છોડ સખી ચલ સંગ મેરે, તોહે વૃજમે કા'ન બુલાવત હે.
નહીં તુમ બીન વાંકો ચયન પરત નહીં, ખાન પાન કછુ ભાવત હે.
મોર મુગટ નહીં પહેનત્ત હય, નહીં અંગ સુગંધ લગાવત હે,
નહીં ધેનુ ચરાવન જાત સખી, વોહે બંસીનાદ ન ભાવત હે.
કયું એસો હીયો તેરો કઠીન ભયો તોહે લાજ શરમ નહીં આવત હે.
જાકો જોગીજન ધ્યાન ધરત, બ્રહ્માદિક પાર ન પાવત હે,
તોરી પ્રીતમે ભુલ ગયો પ્રભુતા, તકસીર વો માફ કરાવત હે.
એક બાત ન જુઠ કહું સજની, અબ કયા ઈતના તરસાવત હે,
પિયા માંધોસે બેગે મીલો પ્યારી, વોતો તેરોહી નાજ ઉઠાવત હે.

(૭૫) કેશર કેશરી. —:૦:—

અરે દુનિયામાં પ્રેમી કયાં, બધે મતલબની યારી છે.—અરે૦
બીચારા કોઇક સાચા પ્રેમી, તેની તો ખુવારી છે.—અરે૦
સાખી { પોપટ જેમ પઢંતતો, અચરે અચરે રામ,
સુરખ જન તેમજ બકે, પ્રમ પ્રેમનું નામ.

ક્યાં છે સાચો પ્રેમી હા, ક્યાં તે સાચી પ્યારી છે.–અરે૦

સાખી { પ્રેમી પ્યારી કરી મરે, પ્યારી કરે મીજાજ,
પ્યારી પિયુ પિયુ કરી મરે, પ્યારા રંડીબાજ.–અરે૦

ગયો સાચાનો વખત હા, દગલબાજીની વારી છે.–અરે૦

(૭૬) મીસ માણકુ. –રાગ કહેરવા–

હજારો મેરે કાનકા મોતી (૨) કાનકા મોતી, કાનકા મોતી–હ.
એરે મોતી મેરા, કીચ પડા હે, (૨) લે જમુનાજલ ધોતી,
("કૈસે ધોતી") લે જમુના જલ ધોતી—હજારો—(૨)
અગલી બજાર મેરા, મોતી ગુમાયા (૨) પીછલી બજાર ખડી રોતી,
("કાયકુ રોતી") પીછલી બજાર ખડી રોતી—હજારો—(૨)
એરે મોતી મેરા, લાખ ટકેકા (૨) ઘર છતીયન પર સોતી (૨)
હજારો મેરે—(૨) કાનકા મોતી—(૨) હજારો મેરે—
"વાહરે વાહ બડા ભારી મોતી. હો હો હો હો."

(૭૭) બુદ્ધદેવ. —રાગ, ગઝલ.—

પડતી હવે મુજને ખબર, તુમાં જણાયે હર્ષ નહિ,
આ જગતની જંજાળની, ચતુરાઈ તેં દીઠી નહિ.
જ્યાં પ્રેમ મારો ઝળહળે, ત્યાં તેં દીઠો બદલો ખરો,
ઘરબારને છોડયા વિના મુકિત કશી સુજી નહીં.
હવે તો જો જરા જાગી (૨)
ચોળી વિભૂતિ અંગ, બન્યો શું યોગી (૨)
સમાધી જુઠી દે ત્યાગી (૨)–હવે.
વિલાસી મહેલના વાસી, તને આ શી લગન લાગી (૨)
મધુરાં પુષ્પને ત્યાગી, અહ્યા કાંટા શું દીન ભાગી (૨)–હવે.

ઉંડી આશા ધારીને, મેં તારો સંગ કીધો તો,
ભરૂંસો દઇ ભૂલાવી ઓ ! વિરાગી શું ગયો ત્યાગી (૨)–હવે.

(૭૮) ઉદયભાણ. —:૦:—

પંથી પરદેશી ચિત સોંપી, હું આ ચા....લી,
મનને ભાવે તે કરજો પુન્ય....શાલી.

સાખી { તરસ્યાને ટીંગળાવવા, પડદે રાખી પ્રીત;
પુછયું પ્રવીણ પંથીએ, કોણ ગામની રીત.

શુભ સંદેશો લઈ સચરજો, હું આ ચા....લી.

સાખી { મહા મહીનાનું માવઠું, જંગલ મંગળ ગીત;
સમય વિનાનું બોલવું, ત્રણેની એક રીત.

વ્હેલા મંડપ માંહી મળજો, હું આ ચા....લી.

(૭૯) ઉદયભાણ. —:૦:—

બોલો મારા પ્રેમી પોપટજી બોલો બોલો,બોલો બોલો,મેના બોલાવે,
બોલો રંગ રશીયાજી ડોલો જરી ડોલો, ડોલો, ડોલો પ્યારી ડોલાવે.
મેનાં તારા વચનની વેણા વાગી, લાગી લાગી લલીત લેહ લાગી,
મેના વ્હાલી મેના કે,ના કહે, પણ જાગી,જાગી અજબ જોત જાગી.
પહેલાં પોપટજી પ્યારા રામજી સંભારો–વાહ ?

મેના શું—સતી સીતા વીસારો.

ચતુર સુજાણ સીતા રામ ઉચરાવો...........બોલો.
પોપટજી પાંજરૂં સોનાનું સજાવું,લાડીલી હું લાલચુ નથી કે લલચાવું,
સોને રૂપે શું ભીડ ભિતરની ભાગી...........લાગી.
રૂડા સુડાને રંગે રમાડું, પાંખે ઘાલીને ફળ મીઠાં ખવાડું,
ભાવના ભુખ્યા તમે શું ભાવી ભાવના ભુલાવે ?–બોલો

(૮૦) સરદારબા. —:॰:—

બંસીવાલા આજોરે મારે દેશ, પ્યારી સામરી સુરત પ્યારો બેસ-બં.
આવન આવન કેહ ગયોજી, કર ગયો કોલ અનેક,
ગીણુતાં ગીણુતાં ઘીસ ગઇ, મોરી આગળીઆરી રેખ.
સાંવરીયા રસીલા સલુણા, પીયાને જીયાયે કરૂંચે નીશાર,
હુમતો જોગી પ્રેમકેરે, પ્રેમ હુમારો દેશ
શુદ્ધ નહીં પાઇ પીયુકી, તબ લીયો આ વેશ

(૮૧) જલસા સંગ્રહ. —રાગ, પીલુ, પદ—

કીસીકા કૌન સગાથીરે બાબા—કીસીકા.
જુડીરે માયા જગત ભુલાયા, કહેત પુરાણુકી પોથીરે—બા—કી.
દોલત દુનીયા માલ ખજાના, માત પિતા સંગ નાહીરે—બા—કી.
આપકી આપે અકેલા રીંજાનાં, હોને મશાનકી માટીરે—બા કી.

(૮૨) સુરદાસ ભજન. —રાગ, પદ—

કયુરે નીંદભર સોયા મુસાફીર, કયુંરે નીંદભર સોયા,
માનુસ દેહ દેવનકો દુલભ, જનમ અકારથ ખોયા—મુ૦
ધનદારા જોબન સુત તેરા, વામે મન તેરા મોહ્યા,
સુરદાસ પ્રભુ ચલેહી પથકો, મીંછે નૈનુ, ભરભર રોયા—મુ૦

(૮૩): કબીર ભજન. —રાગ [illegible]—

સુપનાં ક્યા દેખો સ્વપનમેં, તેરે દયા ધરમ નહીં મનમેં—મુ૦
જેશી ફુલ રહી ફુલવાડી, બાસ રહિત બીજ ફુલમેં,
એક દીન એસી હો જાયગી, ખાક ઉડેગી તનમેં—મુ૦
ચુવા ચંદન, અબીર અગરજા, શોભે ગોરે તનમેં,

ધન જોબન દો ઘડીકા સાથી, છુટ જાવેગા ક્ષણમેં-મુ૦
કાડી કૌડી માયા જોડી, સુરત રહે નીજ ધનમેં,
દશ દરવાજા બંધ રહે તો, રહે ગઈ સબહી મનમેં-મુ૦
વાંસનકી એક નાવ લગાઈ, લે ચલે જંગલમેં,
ધરમી ધરમી પાર ઉતર ગયે, પાપી ડુબે જલમેં;
કહત કબીરા સુનો ભાઈ સાધુ, એ કયા લગ રહે મનમેં-મુ૦

(૮૪) મીરાંબાઇ. -ભજન, રાગ-ધનાશ્રી-

રામ રતન ધન પાયો મેંચારે, મૈંકો રામ રતન ધન પાયો-મયા.
ખરચ્યો ન ખુટે, વાકો ચોર ન લુટે, દિન દિન હોત સવાયો-મૈયા.
નીર ન ડુબે, વાંકો અગ્નિ ન જારે, ધરણુ ભર્યો ન સમાયો-મૈયા.
નામકી નાવ ભજનકી બતીયા, ભવસાગરસે તાર્યો-મૈયા.
બાઇ મીરાં કહે પ્રભુ ગીરધર શરણે, ચરણ કમળ ચીત લાયો-મૈયા.

(૮૫) ચાલુ જમાનો. -સમય પ્રભાવ-

અવસરને વશ બસ થઇ રહેવું, દુઃખ આવે તે તો સેહવું,
દુઃખ આવે તે તો સહેવું, પ્રભુ રૂઠે કોને કહેવું.-અ૦
વેળા વશ સીતારામ થયા વનવાસી,
વેળા વશ દ્રાપદી થઈ સૈરન્ધ્રી દાસી.-એથી શિક્ષણ લેવું.-અ૦
વેળા વશ નળ નૃપ, ગયા જુગારે હારી,
ભટકી દમયંતી વનવન હાયબીચારી-છે ભાગ્ય પ્રબળ એવું.-અ૦

(૮૬) બુદ્ધદેવ. —ગઝલ—

દુઃખીને ડરાવે શાને, મરેલાને મારે શાને,
બળેલાને બાળે શાને, વૈરી વિધિ.

રીઝાવી સતાવે શાને, સતાવી રીબાવે શાને,
રીબાવી જીવાડે શાને, દયાના નિધિ.
શશિને કલંકો દીધાં ગુલાબો મનોહર કીધાં,
નિયંતા તે આવી શાને, અનિતી કીધી.—દુઃખી.
ચંદનને કુસુમ નાં દીધાં, સાગર જળ ખારા કીધાં,
અમૃત કહી ઝેર દીધાં, જીવન અકારાં કીધાં;
રમણી હૃદયે આશા, નિરાશા દીધી.—દુઃખી.

(૮૭) બુદ્ધદેવ. —ભજન—

કાયા કાચ કુંપો, તું તો ચેતરે, હિણુ ભાગી હંસા;
અવિચળ પદ્ધીને તું પેખરે, હિણુ ભાગી હંસા.–કાયા૦
ઝાંઝવાનાં નીર સમજ આ, કાચી જીંદગાની તારી;
મમતા મુકી દે ને તું તારીરે, હિણુ ભાગી હંસા.–કાયા૦
બે દિનના છે ઘરજાળ સઘળાં, બે દિન અહિં રહેવાનું છે,
બે દિનનાં છે સગા સંબંધી, બે દિન સુખ લેવાનું છે.
બે દિનનો છે પંખી મેળો, અંતે ઉડી જાવાનું છે,
લોકો જેને દુનિયા કહે તે, એક મુસાફર ખાનું છે.–કાયા૦

(૮૮) મહાશ્વેતા કાદંબરી. —:૦:—

હમારી લાજ તમારે હાથ, ઓ નાથ નિભાવજોરે....હમારી.
"સદગુણ જ્ઞાન સુબુદ્ધિ આપો, સત ચિત આનંદ ઉરમાં સ્થાપો."
અગમ નિગમનો માર્ગ સુગમ બતલાવજોરે....હમારી.
ભક્તિ થકી ભવ બંધન તુટે, ડગલે ડગલે આયુષ્ય ખુટે,
શ્રીધર અમ તન મનના તાપ સમાવજોરે....હમારી લાજ.

(૮૯) મહાશ્વેતા કાદંબરી. —:૦:—

પતિ વીના પ્રેમદાના મનના, પુરાય કયાંથી કોડ,
કહે સખી પુરાય કયાંથી કોડ.
સરજન હારે સરજી જગમાં, નરનારીની જોડ. (૨)
પશુ પક્ષી વન વૃક્ષ નિહાળો-સૃષ્ટિ માંહિ સઘળે જઈ ભાળો,
નાના મોટા જીવ જંતુમાં, પણ એવી નથી ખોડ-સ૦
પતિ ભજયે પાતક સહુ ટળતાં, અખંડ સુખડાં સેજે મળતાં,
પતિ વિના સાહેલી જગમાં, હરાય જીતી હોડ-સ૦

(૯૦) દાનવી માયા. —:૦:—

ગાન મધુરાં ગાય રતિનાં રૂપે કામ લજાવે,
સ્નેહસુધારસ સીંચનકરતાં ઘડીઘડી શરમાવે,મુજનેએ મોહનભાવે.
વાત વાતમાં રીસ કરીને, રોષ દોષ દર્શાવે,
પણ મમતાથી પગે પડું તો, છાતી શું લપટાવે—મુજને.
કરી કમાણી પૈસા લાવે પેટીમાંજ દબાવે,
કુંચી કરમાં લ્યો શેઠાણી ! કહી કહી બોલાવે.—મુજને.
ઘર કુકડો થઇ ઘરમાં બેસી આજ્ઞા નિત્ય ઉઠાવે,
ઘરની દેવી કહી સલુણો સેવા સર્વ બજાવે—મુજને.
પ્રેમ પુષ્પનો પ્રેમ ભોગી તે પ્રેમ સુધા પીવરાવે,
પ્રેમેથી પરિરંભણ આપી પ્રેમ ઝુલે ઝુલાવે.—મુજને.

(૯૧) ઉમા દેવડી. —:૦:—

છોડો છોડો છબીલા, જાઓ જાઓ હઠીલા,
મારી લુંટાશે નવલખ લાજ—છબીલા.

તમે મોટા પુરૂષ મહારાજ, પાણી પહેલાં બાંધી લ્યોને પાજ—મારી.
વાહ વાહ વચન રસીલા, તારાં નયન રંગીલા,
ગોરી ગાળે સર્વને ગુમાન.—રસીલી પ્યારી ગાળે;
લાગે જેને પ્રીતીનુંજ પાન, ગણે નાના મોટા સૌ સમાન.—ગોરી.

સાખી { કથન કથે જગમાં બધાં, વિરલા પાલણહાર,
પ્રીતિ ભગત ભામા સદા, વચન નિભાવનહાર.

મુકો મુકો માનુની ગુમાન, શાણા દાસી છું તારી સુજાણ,
ચાલો આવો ચતુર પ્રીય પ્રાણ.—છોડો.

(૯૨) ધના ભગત. —ભજન—

રામબાણ વાગ્યા હોય તે જાણે, બોલ્યા મુરખ મનમાં ન આણે.
ધ્રુવને વાગ્યાં, પ્રહ્‌લાદને વાગ્યાં, ઠરી ને બેઠાં, ઠેકાણે,
ગર્ભવાસમાં શુકદેવને વાગ્યાં. એવું વેદ વચન પરમાણે—રામ.
મોરધ્વજ રાજાનું મન હરી લેવા, મ્હારો વા'લો આવ્યા જે ટાણે,
લઈ કરવત મસ્તક પર મેલ્યું, પત્ની પુત્ર બેઉ તાણે—રામ.
મીરાંબાઈ ઉપર કોપ કરીને, બોલ્યો રાણોજી ખડક તાણે,
ઝેરના પ્યાલા મ્હારા ગીરધરલાલે, આરોગ્યા અમૃત ઠેકાણે—રામ.
નરસીંહ મ્હેતાની હુંડી શીકારી, વ્હાલે ખેપ ભરી ખરે ટાણે,
આગળ સંત અનેક ઓધાર્યા, એવું ધનાભગત ઉર આણે—રામ.

(૯૩) મીરાંબાઈ. —રાગ ભજન—

કાનુડો શું જાણે મ્હારી પ્રીત, બાઈ અમે બાળ કુંવારારે—કા૦
જળરે જમુનાના અમે ભરવા ગયા તારે, કાનુડે આવીને છાંટયા
નીર, ઉડયાં છરરરરરરે—કા૦

શેરીએ ને શેરીએ અમે રમતા, ને ભમતાંરે, કાનુડે આવીને ખેંચ્યા ચીર, ફાટયાં ચરરરરરરે—કા૦
વંદરાતે વનમાં વ્હાલે, રાશ રમાડયારે, કાનુડે તાણી માર્યાં તીર, વાગ્યા અરરરરરરે—કા૦

(૯૪) ભજનામૃત. —ભજન મીરાંબાઈ—

બલીહારી રસીયા ગીરધારી, સુંદર શ્યામ હો તજી અમને મથુરાંના વાસી, આવા ન બનીયેજી.
વાંસલડી વાગે વ્હાલા, ભણુકારા વાગેને, વૃજ વાટ લાગે ખારી,
સુંદર શ્યામ હો તજી અમને, મથુરાંના વાસી આવા ન બનીયે હોજી.
જમુનાનો કાંઠો વાહલા ખાવાને દોડેને, અકળાવી દે છે મુને ભારી.
વૃંદાવન કેરી શોભા, તમ વીણુ અમને તો, નવ લાગે હવે સારી.
ગોવરધનતોળ્યો વ્હાલા, ટચલી આંગળીયેને અમપરઢોળ્યો ગીરધારી
મીરાંબાઈ કહે પ્રભુ ગીરધરના ગુણ, શુદ્ધ પ્રભુ લેજો માહરી,
સુંદર શ્યામ હો તજી અમને, મથુરાંના વાસી આવા ન બનીયેજી.

(૯૫) કબીર ભજન. —રાગ ભજન પદ—

દયા ધરમ નહીં મનમેં, મુખડાં કયા દેખો દરપનમેં,
કાગજકા એક નાવ બનાયા, છોડા સમંદર જલમેં;
નુગરા બેઠન વાલા ડુબે, સુગરા તરજાય ઉનમેં.—મુ.
મુચ્છ સમારી પાઘડી બાંધી, તેલ લગાવત તનમેં,
ડુંગરકા પાની જોબનકા લટકા, ઢલજાવેગા છીનમેં—મુ.
ઓર કાયામાં ઘાસ ઉગત હયે, ગૌઆ ચરત હયે બનમેં,
કહત કબીરા સુનોભાઈ સાધુ, રહ ગઇ મનકી મનમેં—મુ૦

(૯૬) નરસીંહ મહેતા. —:૦:—

હવે મને. હરી નામથી, નેહ લાગ્યો (૨)

ભાંગી ભીડ ભવનો ભય ભાગ્યો–હવે.

માયા મંદીર મારે મનથી મેં મુકયાને,ઈન્દ્રીની ઓળખાણ મુકી(૨)

હેમ હીરાથી હાર મઢેલા, તે પર ચાલ્યો થુંકીરે—હવે.

કોના સુત તાત, કોના માત ભ્રાત, સરવે સ્વાર્થના સગપણ રાખે,

પ્રાણ ગયા પછી, પાસે ન આવે, કાઢો કાઢો મુખથી ભાખેરે–હવે.

(૯૭) વીર કુણાલ. —:૦:—

હુંતો વીધ વીધ રંગ બતાવું નેન નચાવું:

ને લલચાવું મારા કંથને વશ કરવા.

રીસ કરી જોઉં આડી આંખે, ભૂમી ખણતી શરમાતી,

હાંરે સખી લળી લળી હું લચકાતી—

મનાવતાં પણ હું મરડાતી, છણકે છટકી જાતી;

કહે માફ કર કાલાવાલા, કરતાં હું હરખાતી.

હાંરે સખી હસી હસીને ખસી જાતી;

પગે પડે જ્યાં પ્રીતમજી, ત્યાં પાણી પાણી થાતી.–

(૯૮) જગતસિંહ. —:૦:—

જીણા ઝરમર વરસે મેહ, ભીંજે મારી ચુંદડલી,

એવો નંદકુવરસું નેહ, ભીંજે મારી ચુંદડલી.

ઊંચા અવાશ એ અલબેલાનાં, નીચે અમારી મેડીરે,

સુતી હતી હું રંગ ભુવનમાં, સાન કરી લીદ તેડી.–ભીંજે.

દગમગ દાદુર મધમધ મોરલા, ચાતક થયા નમેરીરે,

વીજળીના વેગના ભય ત્યાગી, આવી ઉભી આ શેરી:–ભીંજે.

(૯૯) કંસવધ. —ગરબો—

જમુનાને તીરે જાદુવાલે, સખી બંસરી બજાવી,
નંદલાલે વ્હાલે ચિત ચોરી મને બાવરી બનાવી.
ભૂલાવી મારૂં ભાન સાન કહાન ગયો હાંહાં,
